# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ. બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ અંગે  ચર્ચા કરવામાં આવી. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે , તાજેતરમાં જાહેર કરાયેલા કૃષિ રાહત પેકેજ, રાજ્ય સરકારની આગામી ચિંતન શિબિર, વિભાગવાર નક્કી કરેલા લક્ષ્યાંકોના અમલીકરણ ઉપરાંત રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષયો પર પણ બેઠકમાં ચર્ચા થઈ.

. . . . . . . . . . . . .

# GANDHINAGAR IT DARODA

ગાંધીનગરમાં ત્રણ સ્થળે આજે આવકવેરા વિભાગે દરોડા પાડ્યા. ભારતીય નેશનલ જનતા દળ પાર્ટીના સ્થાપક સંજય ગજેરાના ઘર અને કાર્યાલય ખાતે વહેલી સવારે અધિકારીઓએ તપાસ અભિયાન હાથ ધર્યું. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, પ્રાદેશિક પક્ષોમાં 957 કરોડની આવક ધરાવતા રાજકીય પક્ષને કોણ ભંડોળ આપે છે તે અંગે તપાસ હાથ ધરાઇ છે.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL CHECKING

પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા પાવાગઢ મંદિર અને આસપાસના વિસ્તારમાં સઘન તપાસ કરવામાં આવી રહી છે. નાયબ પોલીસ અધિક્ષક વી. જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્રએ પાવાગઢમાં નીજ મંદિર પરિસર સહિતના સ્થળોએ વિશેષ તપાસ કરી. દર્શનાર્થીઓને પણ સતર્કતા રાખવા પોલીસે અનુરોધ કર્યો છે.

(બાઈટઃ વી. જે. રાઠોડ, DySP)

. . . . . . . . . . . . .

# BHARUCH FACTORY BLAST

ભરૂચમાં વાગરા તાલુકાના એક કારખાનામાં બૉઈલરમાં વિસ્ફોટ થતાં એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. જ્યારે ત્રણથી વધુ શ્રમિક ગુમ હોવાનું જણાતા તેમની શોધખોળ ચાલી રહી છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, સાઈખા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – G.I.D.C.ના એક કારખાનામાં બનેલી ઘટનામાં 24 જેટલા લોકો ઇજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા છે.

આ વિસ્ફોટના કારણે આસપાસના ચારથી પાંચ કારખાનાને પણ નુકસાન થયું છે. જોકે, અગ્નિશમન દળ સહિત વહીવટી તંત્રની ટુકડીએ ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવની કામગીરી હાથ ધરી હતી.

. . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR KHEDUT

**કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રાજ્ય સરકારે જાહેર કરેલા રાહત પેકેજ અંગે છોટાઉદેપુરના ખેડૂતોએ સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. ગુન્ગાવાડા ગામના ખેડૂત ગોવિંદ રાઠવાએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું, તેમના વિસ્તારમાં કમોસમી વરસાદથી ખેડૂતોને મોટાપાયે નુકસાન થયું છે.**

**(BYTE: GOVIND RATHVA, FARMER)**

. . . . . . . . . . . . .

# PANCHMAHAL RAJUAAT

પંચમહાલમાં ગોધરાના ધારાસભ્ય સી. કે. રાઉલજીએ કૃષિ મંત્રી જિતુ વાઘાણીને કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન માટે સહાય ચૂકવવા રજૂઆત કરી. આ રજૂઆત બાદ કૃષિમંત્રીએ જિલ્લા ખેતીવાડી અધિકારીને તમામ પાકની નુકસાનની નોંધણી કરીને સહાય આપવા સૂચના આપી છે.

. . . . . . . . . . . . .

# VAV THARAD KHARIDI

વાવ-થરાદ જિલ્લામાં કલેક્ટર જે. એસ. પ્રજાપતિએ થરાદ માર્કેટિંગ યાર્ડમાં ખરીદી કેન્દ્ર ખાતે ટેકાના ભાવે થતી ખરીદીનું નિરીક્ષણ કર્યું. તેમણે કેન્દ્ર પર ખેડૂતોની નોંધણી, તોલ પ્રક્રિયા, ગુણવત્તા ચકાસણી સહિતની

સુવિધાઓની માહિતી મેળવી જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપ્યું. સરકાર દ્વારા જિલ્લામાં બનાવાયેલા 30 જેટલા ખરીદ કેન્દ્ર પર ખેડૂતો પાકનું વેચાણ કરવા આવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

## SIR IN GUJARAT

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે છોટાઉદેપુરમાં જિલ્લા ચૂંટણી અધિકારી ગાર્ગી જૈને છોટાઉદેપુર તાલુકાના રૂનવાડ ગામમાં બૂથ સ્તરના અધિકારી – B.L.Oના કામનું નિરીક્ષણ કર્યું. તેમણે B.L.O. દ્વારા PWD મતદાર, મોટી વયના મતદાર સાથે મુલાકાત કરી ગણતરી પત્રક અને S.I.R. અંગેની અપાતી માહિતી અંગે વાતચીત કરી.

અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાં દબાણ દૂર કરાતા સ્થળાંતર કરનારા મતદારો માટે આવતીકાલથી 16 નવેમ્બર સુધી ગણતરી પત્રક અંગે વિશેષ શિબિર યોજાશે.

. . . . . . . . . . . . .

## MEHSANA ANGANVADI

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા આંગણવાડીઓને અદ્યતન બનાવવા પાંચ કરોડ 62 લાખ રૂપિયાના કામનો પ્રારંભ કરાયો. તે અંતર્ગત ત્રણ આંગણવાડીનો પુનર્વિકાસ કરીને તેને અદ્યતન બનાવાશે. જ્યારે નવી પાંચ આંગણવાડીનું કામ ચાલી રહ્યું છે. નાના બાળકોને બાળ શિક્ષણ અને મનોરંજન વધુ સારું બને તે દિશામાં પ્રયાસ કરાયો છે. હવે નવી આકર્ષક અદ્યતન આગણવાડીઓ બનશે.

. . . . . . . . . . . . .

## SANGHAVI MANSA

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગાંધીનગરમાં માણસાના સોજા ગામમાં શ્રી વીર વેલુડા સેવા મંડળ "અર્ધ શતાબ્દી મહોત્સવ" અને"દાદા ના તોરણનો જીર્ણોધ્ધાર" કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે શ્રી સંઘવીએ ગ્રામજનોને દર વર્ષે એક સામાજિક સંકલ્પ લેવા અનુરોધ કર્યો.

. . . . . . . . . . . . .

## GANDHINAGAR FATAK BANDH

ગાંધીનગર રાજમાર્ગથી માણસા વચ્ચે આવેલું રાંધેજા રેલવે ફાટક નંબર 15 આવતીકાલથી બે દિવસ રાત્રે ચાર કલાક વાહન વ્યવહાર માટે બંધ રહેશે. આદરજ મોટી-વિઝાપુર રેલવે લાઇન ગેજ પરિવર્તન પરિયોજના હેઠળ પ્રસ્તાવિત મશીન ટમ્પિંગના કામને લઈ પશ્ચિમ રેલવે અમદાવાદ

મંડળનું આ ફાટક આવતીકાલથી બે દિવસ રાત્રે 11 વાગ્યાથી રાત્રે ત્રણ વાગ્યા સુધી બંધ રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . . .